અપીલ અરજી નં.૪૦૩ તા.૧૭–૨–૧૦

અરજદારઃ– શ્રી કેતન બાબુભાઈ વાઘાણી
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પીએન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેતન બાબુભાઈ વાઘાણીની તા.૭–૧–૧૦ ની અરજીથી (૧) સ્થાયી સમિતિ ઠરાવ ૨૦૫ મુજબ નં.૯૩/૧૯૯૯ તા.૨૨–૧–૯૯ માં નકશા મુજબ નંબર ૯ અને ઠરાવમાં અનુક્રમ–૮૭ માં જે રોડ મંજુર કરવામાં આવ્યો તે વાત ખરી છે? (વરાછા મેઈન રોડથી શરૂથઈને મોહનનગર સોસા. થઈ લંબેહનુમાન રોડ શિવનગર સોસાયટીથી રંગઅવધૂત સોસા.થી માતાવાડીના ૪૦ ફુટ ના ટી.પી. રસ્તાને જોડતો રસ્તો) (૨) સ્થા.સમિતિ ઠરાવનો અમલ કરાવવાની જવાબદારી કોની? વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૦૩/૨૦૦૯–૧૦

શ્રી કેતન બાબુભાઈ વાઘાણીની તા.૭–૧–૧૦ ની અરજીથી (૧) સ્થાયી સમિતિ ઠરાવ ૨૦૫ મુજબ નં.૯૩/૧૯૯૯ તા.૨૨–૧–૯૯ માં નકશા મુજબ નંબર ૯ અને ઠરાવમાં અનુક્રમ–૮૭ માં જે રોડ મંજુર કરવામાં આવ્યો તે વાત ખરી છે? (વરાછા મેઈન રોડથી શરૂ થઈને મોહનનગર સોસા. થઈ લંબેહનુમાન રોડ શિવનગર સોસાયટીથી રંગઅવધૂત સોસા.થી માતાવાડીના ૪૦ ફુટ ના ટી.પી. રસ્તાને જોડતો રસ્તો) (૨) સ્થા.સમિતિ ઠરાવનો અમલ કરાવવાની જવાબદારી કોની? વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬૪ તા.૨૬–૨–૧૦ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને આરટીઆઈ એકટના નિયમ– ૬ હેઠળ અપીલ અરજી સાથે સંદર્ભ પેપર્સ રજુ કરવાના હોય છે. જેમાં મુળ અરજીની નકલ ,ફી ભર્યાની વિગત રજુ કરેલ નથી તે રજૂ કરવા તથા જાહેર માહિતી અધિકારીનો તા.૬–૨–૧૦ નો પત્ર નં.૫૨૨ તેઓને મળેલ છે કે કેમ? અને મળ્યા પછી શું બાબતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તથા અરજદારે પણ અપીલ તબકકે કોઈ વિગતો પૂરી પાડેલ નથી.

અરજદારની તા.૭–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી વરાછાઝોન ખાતે નાગરીક સુવિધાકેન્દ્રમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈસેલ/આ. નં.૫૨૨ તા.૧૧–૧–૧૦ થી મુદ્દા નં.૫ , ૬ અને ૭ અંગે પ્રથમ ટાઉન પ્લાનરશ્રી મુખ્ય શહેર વિકાસ વિભાગને તથા બાદમાં બીજા પત્રથી મુદ્દા નં.૩ અને ૭ શહેર વિકાસ અધિકારીને મુખ્ય ટાઉન પ્લાનીંગ વિભાગ તથા મુદ્દા નં.૫ અને ૬ ટાઉન પ્લાનર મુખ્ય શહેર વિકાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૨૨ તા.૬–૨–૧૦ થી મુદ્દા નં.૧,૨ અને ૪ બાબતે અરજદારને માહિતી આપવામાં આવેલ છે.જેના અનુસંધાને અરજદારે તા.૧૭–૨–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી ડાયરેકટર ઓફ પ્લાનીંગ પત્ર નં.૫૨૨ પ્રમાણે અપીલમાં રજૂઆત કરેલ છે. (૧) સ્થાયી સમિતિ ઠરાવ ૨૦૫ મુજબ નં.૯૩/૧૯૯૯ તા.૨૨–૧–૯૯ માં નકશા મુજબ નંબર ૯ અને ઠરાવમાં અનુક્રમ–૮૭ માં જે રોડ મંજુર કરવામાં આવ્યો તે વાત ખરી છે? (વરાછા મેઈન રોડથી શરૂ થઈને મોહનનગર સોસા. થઈ લંબેહનુમાન રોડ શિવનગર સોસાયટીથી રંગઅવધૂત સોસા.થી માતાવાડીના ૪૦ ફુટ ના ટી.પી. રસ્તાને જોડતો રસ્તો) જે બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી "હા" આ વાત ખરી છે " તેવી માહિતી આપેલ છે. (૨) સ્થા.સમિતિ ઠરાવનો અમલ કરાવવાની જવાબદારી કોની? જે બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી સ્થા. સ. ઠરાવનો અમલ કરવાજી જવાબદારી સુરત મહાનગપાલિકાના વહીવટી તંત્રની છે. તેવી માહિતી આપેલ છે. મુદ્દા નં.૩ એસસીએ/ નં.૧૨૩૬૩/૦૬ અને એસસીએ/નં.૧૭૧૮૨/૦૬, હુકમ તારીખ ૨૭–૧૧–૦૬ થી રદ કરવાનો હુકમ થયેલ તો તારીખ ૨૩–૧–૯૯ થી ૨૬–૧૧–૦૬ ના સમયગાળામાં કયા કારણે અને કોની લાપરવાહીથી અમલ ન થઈ શકયો? આ સમયગાળા દરમ્યાન કોને કોની અને કઈ કઈ સોસાયટીને નોટીસો આપવામાં આવી. (રોડ ખુલ્લો કરવા બાબતની) નોટીસ નંબર પણ જણાવવા જે તે ખાતા સહિત. મુદ્દા નં.(૪) આ ઠરાવનો અમલ કરવા માટે કોને કોને અને કઈ સ્કુલ સોસા. વ્યકિતએ આપેલ તેનું લીસ્ટ નામ પ્રમાણે અને તારીખ પ્રમાણે જણાવવું. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી સાથે લીસ્ટ પુરું પડાયેલ છે. તેમ છતાં વધુ રેકર્ડ ચકાસણીની જરૂરીયાત જણાય તો ઓફિસ સમય દરમ્યાન રૂબરૂ રકેર્ડ તપાસી જવા પણ જણાવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારસ વરાછાઝોન ધ્વારા પૂરી પાડેલ છે. મુદ્દા નં.૫ ગીરધરપાર્ક સોસા.નો પ્લાન કઈ તારીખે મંજુર થયેલ અને પ્લાન મંજુર કરવા કયા કયા ખાતાનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો તો તે દરેક ખાતાના અભિપ્રાયનો નંબર જણાવવા વિનંતી. અને તે જોવા માંગીએ છીએ. મુદ્દા નં.૬ ગીરધરપાર્ક સોસા.નો પ્લાન મંજુર આ ઠરાવ ૨૦૫ માં ઠરવેલ રોડ પર મંજુર થયેલ તે વાત ખરી છે.? મુદ્દા નં.૭ ગીરધરપા સોસા.નો પ્લાન મંજુર થયો તે સમયે સ્થા. ઠ. નં.૧૩/૧૯૯૯ ૨૦૫ મુજબનો રસ્તાનો ઠરાવ રદ થયેલ છે કે કેમ? આ ઠરાવનો અમલ શું તે સમયે થયેલ ખરો? અને નથી થયો તો અભિપ્રાય શું આપેલ છે. ની માંગણી કરવામાં આવેલ છે. સમગ્ર હકીકત જોતાં મંદ્દા નં.૧,૨ અને ૪ ની માહિતી

ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી  પૂરી પડાયેલ છે.  તે બાબતે કોઈ તકરાર નથી.  જયારે પ્લાનીંગ તથા  શહેર વિકાસ વિભાગને તબદીલ કરેલ મુદ્દા નં.૩  ,૫,૬ અને ૭  બાબતે  અરજદારે  અપીલ અરજીમાં  જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગના આ.નં.૫૨૨ પ્રમાણે માહિતી મળેલ નથી તેવી રજૂઆત અપીલ તબકકે કરવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી.  અરજદારને અપીલ તબકકે પર્યાપ્ત  તક આપવા છતાં  નહીં મળેલ માહિતી અંગે પૂરતી વિગતો રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી  પૈકી મુદ્દા નં.૩,૫,૬ અને ૭ ની નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા  ડે.કમિશ્નર(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં  આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ :   –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પીએન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી ,..જાણ તથા અમલ માટે
(૨) શ્રી કેતન બાબુભાઈ વાઘાણી